કોઇના અવગુણો ને તું બેનકાબ ન કર...,
ઇશ્વર બેઠો છે તું હિસાબ ન કર
- ભગવતીકુમાર શર્મા

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૩૮ | ૧૧ નવેમ્બર, ૨૦૧૪, મંગળવાર ; કારતક વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરમાં જિલ્લાકક્ષાની જેલ બનાવાશે

## કલોલની સબ જેલ ભૂકંપમાં ક્ષતિગ્રસ્ત થતાં તે હાલ બંધ કરાયેલી છે : રાજ્ય ગૃહમંત્રી પટેલ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં ૫૦૦ કેદી સમાવી શકાય તેવી જિલ્લાકક્ષાની જેલ બનાવવાનું આયોજન રાજ્ય સરકાર વિચારી રહી છે તેમ રાજ્ય ગૃહમંત્રીશ્રી રજનીકાન્ત પટેલે આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં પ્રશ્નોત્તરી દરમ્યાન જણાવ્યું હતું.

કોંગ્રેસના ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોરે પુછેલા કલોલમાં સબજેલ બનાવવાના પેટા પ્રશ્નના ઉત્તરમાં રાજ્ય ગૃહમંત્રી શ્રી પટેલે આ જાહેરાત કરી હતી.

રાજ્ય ગૃહ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે કલોલ તાલુકાની સબ જેલ ૧૯૮૭-૮૮ માં બનેલ અને જે ૨૦૦૧ માં રાજ્યમાં આવેલ વિનાશક ભૂકંપમાં ક્ષતિગ્રસ્ત થઈ હતી ત્યાર બાદ આ જેલ એ ઉપીયોગ કરવા લાયક નહોતી. આને કારણે બંધ કરવામાં આવેલ છે.

બંધ કરાયેલ આ સબજેલ બાદ હવે રાજ્ય સરકાર જિલ્લામાં જિલ્લાકક્ષાની જેલ બનાવવાનું આયોજન વિચારી રહી છે અને તેમાં ૫૦૦ કેદીઓ રાખવાની ક્ષમતા હશે.

રાજ્ય ગૃહમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે હાલમાં ૨૬ જેટલા આરોપીઓ છે જેમને સાબરમતીની મધ્યસ્થ જેલમાં રાખવામાં આવેલ છે. સરેરાશ ૧૭થી ૧૮ આરોપીઓ જેમને માસ દરમ્યાન કલોલ કોર્ટમાં રજુ કરવામાં આવે છે.

ભાજપના ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોરે પૂરક પ્રશ્ન પુછતાં એ જાણવા મળ્યુ હતુ કે સબ જેલમાં કેવા કેદીઓને રાખવામાં આવે છે? રાજ્ય ગૃહમંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે સબજેલ એ સૌથી નીચેની જેલ છે. જેમાં જામીન પાત્ર ગુનાઓ હોય તેવા કેદીઓને રાખવામાં આવે છે. દારૂ, જુગાર અને સામાન્ય મારામારી સાથે જોડાયેલા હોય તેવા પકડાયેલા કેદીઓને રાખવામાં આવતા હોય છે.

જિલ્લાકક્ષાની જેલ બનાવવાની મંત્રીશ્રીની જાહેરાત બાદ પણ કલોલના ધારાસભ્યશ્રી બળદેવજી ઠાકોરે કલોલમાં સબ જેલ ક્યારે બનાવશો તેમ કહી પૂરક પ્રશ્નોનો મારો ચાલુ રાખ્યો હતો. તેમણે સબ જેલ નવી બનાવવા માટે તંત્રએ દરખાસ્ત કરી છે કે કેમ? દરેક તાલુકામાં સબ જેલ હોવી જોઈએ તો કલોલમાં કેમ નથી. નાણાના અભાવે જેલ બનાવાતી નથી.

અધ્યક્ષશ્રી ગણપત વસાવાએ પણ દરમ્યાનગીરી કરી જણાવ્યું હતુ કે જિલ્લા જેલ બની રહી છે તેનુ આયોજન છે તેમ મંત્રીશ્રી જણાવે છે.

રાજ્ય ગૃહમંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે નાણાંના અભાવે સબ જેલ નથી બનાવી તે કહેવુ યોગ્ય નથી. સમગ્ર તયા પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ છે અને અન્ય જિલ્લાની જેમ ગાંધીનગરમાં પણ જિલ્લાકક્ષાની જેલ બનાવવાનું આયોજન છે.



સોનેરી સંધ્યા - નગરના પ્રકૃતિ વૈભવમાં સંધ્યાના સૌંદર્યનો પણ મહિમા છે... વૃક્ષોની ડાળીઓ ઝુલતી હોય, પક્ષીઓ માળા તરફ પરત ફરી રહ્યા હોય અને તે જ સમયે સુરજ પશ્ચિમ દિશામાં ધીમે ધીમે જાણે પૃથ્વીના ગોળાની આડાશમાં આવીને દિવસને અલવીદા કહેતો હોય એવા ભવ્ય અને દિવ્ય સમયને નિહાળવાનો લ્હાવો અનોખો હોય છે... આજકાલના ભાગદોડના જીવનમાં આકાશ તરફ કે સૂરજના વિદાય સમયે નજર નાખવાનો સમય ક્યાં કોઈની પાસે છે... ત્યારે સૌંદર્યની તો વાત જ ક્યાં રહી... ગાંધીનગરનું સદભાગ્ય છે કે નગરના કોઈપણ ખૂણેથી સૂર્યોદય અને સંધ્યાના સૌંદર્યને માણવાનો લ્હાવો પ્રાપ્ત થઈ શકે એમ છે... દિવ્ય સૂર્યોદય અને ભવ્ય સૂર્યાસ્ત જોવાનું નસીબ ખૂબ ઓછા સદભાગીઓને હોય છે... પરમતત્વની કૃપાથી ગાંધીનગરમાં આ અનુભૂતિ સુલભ બની રહે એવો માહોલ છે... ખાસ કરીને જ-માર્ગ પરથી આ સંધ્યાના સૌંદર્યનો અદભૂત નજારો જોવા મળે છે... ક્યારે જ-માર્ગ પરથી પસાર થતી વખતે સાંજે પશ્ચિમમાં નજર નાખશો તો મનને એક અનોખી અનુભૂતિ થશે.... (તસવીર : કશ્યપ નિમાવત)

# આજે સંસદીય સચિવોની સોગંદવિધિ

## સ્વર્ણિમ સંકુલમાં શપથવિધિ યોજાશે : તડામાર તૈયારીઓ

ગાંધીનગર, તા. ૧૦

રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ આજે તેમના મંત્રીમંડળનુંવિસ્તરણ કરશે. તેઓ આજે બપોરે સંસદીય સચિવોને હોદ્દા અને ગુપ્તતાના સોગંદ સ્વર્ણિમ સંકુલમાં લેવડાવશે.

પાટનગરના રાજકીય વર્તુળોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ મુખ્યમંત્રીશ્રીએ મંત્રીમંડળના વિસ્તરણ અંગે સંકેતો અગાઉ આપ્યા હતા. હાલ તેઓ માત્ર સંસદીય સચિવોને નિમણુંક આપી રાજકીય માહોલને ગરમાયેલો રાખવા માંગે છે. રાજ્ય મંત્રીમંડળમાં આ પછી વિસ્તરણ કરવામાંઆવશે. મંત્રીમંડળના વિસ્તરણ પૂર્વેભાજપના પ્રદેશ આગેવાનો રાજ્યપાલને મળવા જશે. ત્યારબાદ મુખ્યમંત્રી મળશે અને પ્રસ્તાવ વિસ્તરણ અંગેનો રજુ કરશે.

પાટનગરના રાજકીય વર્તુળોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ બપોર બાદ મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ સંસદીય સચિવોને સોગંદ લેવડાવશે. આ માટેની તૈયારીઓ આરંભાઈ ગઈ છે.

મળતી વિગતો મુજબ યુવા ચહેરાઓને સંસદીય સચિવ તરીકે નિમણુંક આપી તેમને વિવિધ વિભાગોની વહીવટીય કામગીરીની જવાબદારી સોંપવામાં આવશે.

સંસદીય સચિવો અગાઉ પૂર્વ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ નિમ્યા હતા જે ઉલ્લેખનીય છે.

કેન્દ્રીય મંત્રીમંડળના વિસ્તાર બાદ ગુજરાતમાં પણ મંત્રીમંડળનો વિસ્તાર કરવામાંઆવી રહ્યોછે. સંસદીય સચિવો મુખ્યમંત્રીશ્રીના કાર્યભારને હળવો કરવાની મહત્વની કામગીરી કરશે તેમ મનાઈ રહ્યું છે. રાજ્યના દરેક ઝોનમાંથી એક-એક નિયુક્તિ કરાશે તેમ મનાઈ રહ્યું છે.



સાયન્સ ડે - વર્લ્ડ સાયન્સ ડે નિમિત્તે માનવ જાતને ઉપકારક બનનાર વૈજ્ઞાનિકોને ભાવભીની અંજલિ અપાઈ હતી. જેમના અથાગ પુરુષાર્થથી માનવ જાત સુખ-સુવિધા અને ગતિ-પ્રગતિ કરી શકી છે... નવી પેઢી મહાન પુણ્યાત્માઓના સ્મરણમાં પુષ્પાંજલિ અર્પી હતી.

# જિલ્લા પંચાયતની પાંચ સમિતિમાં ભાજપનો કેસરીયો લહેરાયો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા પંચાયતની મહિલા અને બાળ-કલ્યાણ વિકાસ સમિતિમાં ભાજપના ડાહીબેન ઠાકોર આજે વિધિવત્ રીતે ચેરમેન તરીકે ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા છે.

વિજયસિંહ ચાવડાના કાર્યકારી અધ્યક્ષાપદે મળેલ સમિતિની આજની બેઠકમાં ડાહીબેન ઠાકોરના નામની દરખાસ્ત ઉષાબેન પટેલે મુકી હતી અને તેને વિજયસિંહ ચાવડાએ ટેકો આપતાં ડાહીબેનની નિમણુંક સર્વાનુમતે કરવામાં આવી હતી.

આ બેઠકમાં વિદાય લેતા ચેરમેન રમીલાબેન પટેલ ગેરહાજર રહ્યા હતા. તેમની સામે ગત બેઠકમાં અવિશ્વાસનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો જે ઉલ્લેખનીય છે.

જિલ્લા પંચાયત કોંગ્રેસમાં બળવા બાદ ભાજપે પાંચ સમિતિઓ પર કેસરીયો લહેરાવ્યો છે. ડાહીબેન મૂળ ભાજપના છે અને તેઓ આજે ચેરમેન બન્યા ત્યારે જિલ્લા પંચાયતના પ્રમુખ હીનાબેન પટેલ સહિત હાજર સૌ સભ્યોએ અભિનંદન આપ્યા હતા.

# સે. ૨૧ ડિસ્ટ્રીક શોપીંગમાં ફૂવારા ચાલુ થશે !

## શહેરમાં ગંદકી અને દબાણના મામલે સ્થિતિનો તાગ મેળવવા ઉચ્ચ અધિકારીઓએ રાઉન્ડ લીધો

ગાંધીનગર, તા. ૧૦

સે. ૨૧ ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટરમાં વર્ષોથી બંધ અને કંગાળ ભાસતા ફૂવારા ચાલુ કરવા વિભાગના અધિકારીઓને સૂચના આપવામાં આવી છે. શહેરમાં સ્વચ્છતા અને દબાણના મામલે શહેરી વિકાસ વિભાગના ઉચ્ચ અધિકારી સહીત જિલ્લા કલેક્ટર તેમજ મ્યુનિસિપલ કમિશ્નરે વિવિધ વિસ્તારોમાં રાઉન્ડ લીધો હતો.

આગામી વાઈબ્રન્ટ સમિટ પૂર્વે શહેરને ગંદકી અને દબાણમુક્ત કરવા વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. આજે પણ શહેરી વિકાસ વિભાગના ઉચ્ચ અધિકારી, જિલ્લા કલેક્ટર તેમજ મ્યુનિસિપલ કમિશનર સહીત અધિકારીઓની ટીમે ઈન્ફોસીટી તેમજ સે. ૨૧ ના કોમર્શિયલ વિસ્તારમાં રાઉન્ડ લીધો હતો. આ દરમિયાન સફાઈ તેમજ દબાણના મામલે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ પણ આપી હતી. જ્યારે સે. ૨૧ ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટરમાં કંગાળ હાલતમાં બંધ પડેલા ફૂવારાનો યોગ્ય નિકાલ લાવવા પણ તેમણે સૂચના આપી હતી. આગામી જાન્યુઆરી મહીનામાં વાઈબ્રન્ટ સમિટનું આયોજન કરવામાં આવ્યું છે. જેના પગલે દેશ-વિદેશના મહાનુભાવો ગાંધીનગરના મહેમાન બનશે. ત્યારે વાઈબ્રન્ટ સમિટ પૂર્વે નગરને અલ્ટ્રા વાઈબ્રન્ટ લૂક આપવા અત્યારથી જ તંત્રે પૂર્વ તૈયારીઓ શરૂ કરી દીધી છે. જેમાં મુખ્યત્વે સ્વચ્છતા, સલામતી અને દબાણના મામલે વિશેષ ધ્યાને કેન્દ્રીત કરવામાં આવ્યુ છે. વાઈબ્રન્ટને અનુલક્ષી નગરના રોડનેટવર્ક માટે પણ જરૂરી

● અનુસંધાન પાન-૭ પર

## દબાણયુકત સ્વચ્છ નગર સરકારનો અભિગમ છે : મોના ખંધાર

### અધિકારીઓ સાથે નગરમાં સ્વચ્છતા અને દબાણ મુદ્દે રાઉન્ડ લીધો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરમાં વધતા જતા દબાણોની સમસ્યાને અને સ્વચ્છતા અભિયાનને લઈ રાજય સરકારે જાતે તેનું ધ્યાન કેન્દ્રીત કર્યું છે. આજે શહેરી વિકાસ વિભાગના અધિક સચિવ અને હાઉસીંગ કમિશ્નર તેમજ પૂર્વ જિલ્લા કલેકટર મોના ખંધાર સવારે ૮ વાગે કલેકટર ઓફિસ પહોંચી ગયા હતા.

તેમણે જિલ્લા કલેકટર, મ્યુનિ. કમિશનર તેમજ માર્ગ-મકાન વિભાગના અધિકારીઓને સાથે રાખી ઈન્ફોસીટી, સેકટર-૨૧ સહિત અવર જવર વધુ ધરાવતા વિસ્તારોનો રાઉન્ડ લીધો હતો. તેમણે સ્વચ્છતા અભિયાન અને દબાણ દૂર કરવાની કામગીરી સમય મર્યાદામાં જ પૂર્ણ કરવા માટે કડક તાકીદ કરી હતી.

જાહેર જગ્યાઓ અને પાર્કિંગના સ્થળો પર થયેલા દબાણો તાત્કાલિક દૂર કરવા જણાવ્યું હતું. આ ઉપરાંત ઈન્ફોસીટીની આસપાસના જંગલ વિસ્તારમાં ઉભા થયેલા દબાણો પણ તાત્કાલિક દૂર થાય તે જોવા જણાવી સરકાર દબાણમુકત સ્વચ્છ નગરનો અભિગમ ધરાવે છે તેવા સ્પષ્ટ સંકેત આપી દીધા હતા.

વિવિધ સેકટરોના શોપીંગ સેન્ટર વિસ્તારની આસપાસ થયેલ ગંદકીને પણ દૂર કરવા માટે તેમણે જણાવ્યું હતું.જાહેર શૌચાલયોની સ્વચ્છતા માટે પણ તેમણે વિશેષ આગ્રહ કર્યો હતો.

અધિક સચિવશ્રીની આ વિશેષ મુલાકાતના પગલે આજે સાંજે જિલ્લા કલેકટરશ્રી અને મ્યુનિ. કમિશનરશ્રીએ સાંજે વેપારી સંગઠનો સાથે બેઠક કરી સ્વચ્છતાની કામગીરીને સહયોગ આપવા જણાવ્યું હતું.

શ્રીમતી ખંધારે ગાંધીનગર શહેરની સ્વચ્છતાના મુદ્દે હાલની કામગીરી અંગે પણ સમીક્ષા કરી કેટલાક સુધારાઓ સાથે જરુરી સૂચનાઓ પણ આપી હતી.

# વિધાનસભામાં ત્રણ મહત્વના સુધારા વિધેયકો પસાર થયા

## ગુજરાત સ્થાનિક સત્તા મંડળ કાયદા વિધેયક પસાર : ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ વિધેયક,કૃષિ યુનિ.ના કુલપતિની નિવૃત્તિ વયમર્યાદા વધારતું વિધેયક

અમદાવાદ, તા.૧૦

ગુજરાત વિધાનસભામાં આજે મોડી સાંજે કુલ ત્રણ વિધેયકો પસાર કરવામાં આવ્યા હતા જેમાં બે વિધેયકો સર્વાનુમતે અને એક વિધેયક બહુમતિથી પસાર કરવામાં આવ્યું હતું. વિધાનસભાના સુત્રોના જણાવ્યા અનુસાર ગૃહમાં આજે ગુજરાત સ્થાનિક સત્તા મંડળ કાયદા (સુધારા) વિધેયક, ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ સુધારા વિધેયક તથા કૃષિ યુનિવર્સિટીના કુલપતિની નિવૃત્તિ વયમર્યાદા ૬૫ થી વધારી ૭૦ વર્ષ કરતું વિધેયક ગૃહમાં લાંબી ચર્ચાના અંતે પસાર કરવામાં આવ્યા હતા. રાજ્યના શહેરી વિકાસ વિભાગનો હવાલો સંભાળતા મંત્રી નિતીનભાઈ પટેલે રજુ કરેલું સ્થાનિક સત્તા મંડળ કાયદા સુધારા વિધેયક વિના વિરોધે મંજુર થયું હતું જ્યારે શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા રજુ કરવામાં આવેલું શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ સેવા વિધેયક બહુમતિથી પસાર કરી આ અંગેનો વટહુકમ રદ કરવામાં આવ્યો હતો.

સર્વે સ્નેહીજનોને નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન

ઈશ્વરભાઈ પટેલ
૯૪૨૭૦ ૮૪૬૭૮



લક્ષ્મી ટ્રેડર્સ

કપાસ, એરંડા, ઘઉં, બાજરી, મકાઈના વહેપારી
અનાજની લેવા - વેચવાનું વિશ્વાસપાત્ર સ્થળ

ડી-૩૪, જ્યોતિ કોમ્પલેક્ષ, વડાગામ, તા. ધનસુરા, જિ. અરવલ્લી




